પત્રિકા
૧૪૧

# ચિરાગે હિદાયત

૧૨/૦૧/૧૮
૨૪ ૨.સાની

## સારા અખ્લાક (હુસ્ને ખુલ્ક)

'અખ્લાક' એટલે સારો વર્તાવ (સદવર્તન) જેને 'હુસ્ને ખુલ્ક' પણ કહેવામાં આવે છે. જે ખુદાવંદે આલમની બક્ષિશ છે. તે પોતાની મખ્લૂકમાંથી જેને ચાહતો હોય છે તેને આપે છે. અખ્લાકના બે પ્રકાર છે જેમાંથી કેટલીક સિફતો સાથે સંબંધ ધરાવે છે અને કેટલીક નિય્યત સાથે.

* રાવીએ ઈમામ જાફર સાદીક(અ.સ.)ને અર્ઝ કરી કે તેમાંનો કયો પ્રકાર અફઝલ છે?

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું **"સારી નિય્યતવાળો માણસ અફઝલ છે કેમ કે સિફતવાળો માણસ તો મજબુર હોય છે કેમકે એની સિફતો જ એવી થઈ ચૂકી છે, જે પોતાની સિફતો છોડીને બીજી સિફતો અપનાવી શક્તો નથી. જયારે નિય્યતવાળો માણસ પોતાની જાતને ઈતાઅત પર સાબીર બનાવે છે અને તેનાં પર સબ્ર કરતો રહે છે તેથી તે અફઝલ છે."** *(બેહારૂલ અન્વાર, મિઝાનુલ હિકમત)*

* હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઈમામ અલી(અ.સ.)ને ફરમાવ્યું કે "શું હું તમને એ બાબતની જાણ ન કરૂં કે અખ્લાકની બાબતમાં મને મળતો આવતો હોય તેવો કોણ માણસ છે?"

હઝરત અલી(અ.સ.)એ અર્ઝ કરી "હુઝુર કેમ નહી?"

આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું **"તમારામાં જે ખુલ્ક (સારા અખ્લાક)ના હિસાબે સૌથી સારો, ધીરજ અને સહનશીલતાના હિસાબે તમારામાં સૌથી મોટો, પોતાના નઝદીકના સગાવહાલાઓ સાથે સૌથી વધુ નેકી કરનાર અને પોતાની ઝાત વિશે સૌથી વધુ ઈન્સાફ કરનાર હોય."** *(બેહારૂલ અન્વાર, મિઝાનુલ હિકમત)*

અઝીઝો! આપણે સૌ કોઈ જાણીએ છીએ કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ(સ.અ.વ.)ને સંબોધીને ફરમાવ્યું "અય મોહમ્મદ(સ.અ.વ.)! આપ અખ્લાકે અઝીમ (ખુલ્કે અઝીમ)ના દરજ્જા પર બીરાજમાન છો." *(સૂરએ કલમ, આયત નં. ૪)*

અને તેથી જ અલ્લાહે તેના બંદાને હુકમ આપ્યો છે કે તમારા માટે અમલ કરવા માટે સારામાં સારા નમુના અલ્લાહના રસૂલ(સ.અ.વ.) છે.

* એક માણસે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પાસે આવીને સવાલ કર્યો ''યા રસૂલુલ્લાહ દીન શું છે?''

હુઝુર(સ.અ.વ.)એ ફરમાવ્યું ''હુસ્ને ખુલ્ક (સારા અખ્લાક)''

પછી તે જ માણસ ડાબી બાજુથી આવ્યો અને એ જ સવાલ પૂછયો, ત્યારે આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું ''હુસ્ને ખુલ્ક.''

વળી પછી તેજ માણસ પાછળથી આવ્યો અને પૂછયું ''દીન શું છે?''

આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું ''શું તું હજી દીનને સમજતો નથી? દીન એ છે કે તું કયારેય ગુસ્સામાં ન આવ.''

* ઈમામ જાફર સાદીક(અ.સ.)ને સવાલ પૂછવામાં આવ્યો કે ''હુસ્ને ખુલ્કની હદ શું છે?''

આપ(અ.સ.)એ ફરમાવ્યું **''એ કે તમે નમ્રતા ધારણ કરો, તમારી વાતચીતને પાકીઝા બનાવો અને તમારા ભાઈ સાથે હસીને મળો.''** *(બેહારૂલ અન્વાર, મિઝાનુલ હિકમત)*

* *સારા અખ્લાક એ સંપૂર્ણ ઈમાન છે અને દીન માટે જરૂરી છે :*

જયારે અલ્લાહતઆલાએ ઈમાનને પૈદા કર્યુ ત્યારે તેણે બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી ''ખુદાયા! તું મને શક્તિ આપ.'' અલ્લાહ તઆલાએ તેને હુસ્ને અખ્લાક અને સખાવત સાથે તાકતવર બનાવ્યું.

પછી જયારે અલ્લાહ તઆલાએ કુફ્રને પૈદા કર્યુ ત્યારે તેણે અર્ઝ કરી ''ખુદાવંદા મને તાકતવર બનાવ.'' અલ્લાહ તઆલાએ તેને કંજૂસાઈ અને બદખુલકીથી તાકતવર બનાવ્યું. *(હઝરત રસૂલેખુદા સ.અ.વ, સફીનતુલ બેહાર)*

* *ઈસ્લામ સારા અખ્લાકનું નામ છે :*

હઝરત રસૂલ(સ.અ.વ.) ફરમાવે છે કે **''જો કોઈ બંદાને એ વાતની જાણ થઈ જાય કે હુસ્ને અખ્લાકની કદ્રો કીમત અને શાનો અઝમત કેવી છે, તો તેને એ વાતની પણ સમજ પડી જશે કે તે હંમેશા હુસ્ને અખ્લાકનો મોહતાજ છે.''**

* *હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) એ ફરમાવ્યું :*

- **જેના અખ્લાક સારા હોય છે તેને અલ્લાહ તઆલા દિવસના રોઝેદાર અને (રાતના) ઈબાદત ગુઝારના દરજ્જા સુધી પહોંચાડી દે છે.** *(બેહારૂલ અન્વાર)*

– બંદો ઈબાદતમાં કમઝોર હોવા છતાં પોતાના સારા અખ્લાક થકી આખેરતમાં અઝીમ દરજ્જાઓ અને મંઝીલોને મેળવી લે છે. *(સફીનતુલ બેહાર)*

– કયામતના દિવસે બંદાના અમલના ત્રાજવામાં જે સૌથી પહેલા રાખવામાં આવશે તે તેના સારા અખ્લાક હશે અને અમલના ત્રાજવામાં સારા અખ્લાક કરતા બીજી કોઈ વસ્તુ વધારે વજનદાર નહીં હોય.

– અલ્લાહ તઆલા તેના બંદાને સારા અખ્લાકના કારણે એવો જ સવાબ આપે છે જેવો સવાબ રાહે ખુદામાં સવાર સાંજ જેહાદ કરનારાઓને આપે છે.

– સારા અખ્લાક રોઝીમાં વધારો કરે છે.

* *ઈમામ જાફરે સાદિક(અ.સ.) એ ફરમાવ્યું:*

“સારા અખ્લાક ગુનાહોને એવી રીતે પીગળાવી નાખે છે જેવી રીતે સુરજ બરફને પીગળાવી દે છે અને ખરાબ અખ્લાક સારા આમાલને એવી રીતે બગાડી નાખે છે જેવી રીતે સુરકો મધને બગાડી નાખે છે.” *(બેહારૂલ અન્વાર)*

## બદ અખ્લાકી – ખરાબ વર્તન

બદ અખ્લાકી બુરો સાથીદાર છે. બદ અખ્લાકી ઝિંદગીની કડવાસ અને રૂહાની અઝાબ છે.

* મૌલા અલી(અ.સ.)એ ફરમાવ્યું “બદ અખ્લાકી અલ્લાહના અઝાબોમાંથી એક અઝાબ છે.”

* હઝરત લુકમાને તેમના ફરઝંદને વસીય્યત કરતા ફરમાવ્યું “બેટા! હંમેશા તંગદીલી, બદ અખ્લાકી અને બેસબ્રીથી બચતા રહો કારણ કે એ ખાસીય્યતો ધરાવનારને ક્યારેય પણ સ્થિરતા મળતી નથી તમામ કાર્યોમાં તમારી પોતાની ઝાત સાથે અને બીજાઓ સાથે મોહબ્બત જરૂરી સમજો. તમારા ભાઈઓની હાજતો પૂરી કરવા માટે તમારી જાતને ધીરજવાન બનાવો અને તમામ લોકો સાથે તમારો અખ્લાક સારો રાખો.” *(બેહારૂલ અન્વાર)*

* *બદ અખ્લાકીના કારણે બંદો જહન્નમના નીચલા હીસ્સામાં પહોંચી જશે:*

હુઝુર રિસાલત મઆબ(સ.અ.વ.)ની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી કે “ફલાણી

સ્ત્રી દિવસના રોઝા રાખે છે અને રાતે નમાઝ પડે છે, પરંતુ બદ અખ્લાક છે અને પોતાના પાડોશીઓને જીભ થકી સતાવતી રહે છે.''

આપ(અ.સ.)એ ફરમાવ્યું કે ''તેનામાં કોઈ ભલાઈ નથી, તે જહન્નમી છે.'' *(બે.અન્વાર)*

* રિવાયતમાં છે કે જયારે સઆદ બિન મઆઝ કે જેઓ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના ખાસ સહાબી હતા અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) સાથે ઘણી જંગોમાં શિરકત કરી હતી તેમને દફન કરવામાં આવ્યા ત્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''તેમને ફીશારે કબ્ર થઈ રહ્યો છે.'' પૂછવામાં આવ્યું ''કયા કારણોસર?''

હઝરત રસૂલ(સ.અ.વ.)એ ફરમાવ્યું ''એ માટે કે તેમના અખ્લાક તેમના ઘરના બાલ બચ્ચાઓ સાથે સારા ન હતા.''

* યહ્યા બિન ઈમરાન હલબી કહે છે ''મેં હઝરત ઈમામ જાફર સાદીક(અ.સ.)ને અર્ઝ કરી કે પુરૂષો માટે કઈ આદત (કેવો વર્તાવ) સૌથી વધારે સારો હોય છે ?''

આપ(અ.સ.)એ ફરમાવ્યું ''એવો પ્રભાવ જેનાથી કોઈને ડર ન લાગે, એવી સખાવત જેમાં કોઈ પ્રકારના બદલાની આશા ન હોય અને તેમાં વ્યસ્ત રહેવું કે જે દુનિયાના કામો માટે નહી પણ આખેરતના કામો માટે હોય.''

* ઈમામ બાકીર(અ.સ.) ફરમાવે છે કે ''**શ્રેષ્ઠ અખ્લાક સબ્ર અને માફ કરવું છે.**'' હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)એ સહીફએ સજ્જાદીયામાં મકારેમુલ અખ્લાકની દુઆ આપણને બતાવી છે. જેના પઢવાથી આપણા અખ્લાક બહેતરીન થાય છે અને બદ અખ્લાકીથી પનાહ ચાહવા માટે આ રીતે દુઆ કરતા ''**અય ખુદા ! લાલચની લપેટમાં આવવાથી, ગુસ્સામાં ઉશ્કેરાઈ જવાથી, હસદના પ્રભાવમાં આવી જવાથી, સબ્રના નિર્બળ થઈ જવાથી, સંતોષના ઘટી જવાથી અને અખ્લાકના ખરાબ થઈ જવાથી તારી પનાહ ચાહું છું.**'' *(સહીફએ સજ્જાદીયા, દુઆ નં.૮)*

આવો! અલ્લાહ પાસે દુઆ કરીએ કે અલ્લાહ આપણને સૌને સારા અખ્લાકની ભેટ આપે અને આપણા ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના ઝહુરમાં જલ્દી કરે. (ઈ.આમીન)


**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com